| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૦/૦૩/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૫૫/૨૦૨૦**

## વચગાળાના જામીનથી ફરાર થયેલ આરોપીની અટકાયતની વિગત

### ક્રાઇમ બ્રાન્ચ

### “ ખૂન તથા ધાડના ગુનામાં વચગાળાના જામીનથી ફરાર થયેલા રાજુ મારવાડી તથા એક સાગરીતને સોનાના ખોટા સિક્કા પધરાવી છેતરપીંડી કરવાના ગુનામાં ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ “

ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીશ્રીઓને સૂચના કરેલ જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ હેઠળ અલગ અલગ ટીમો બનાવી આવા ગુના શોધી કાઢવા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન પો.સ.ઇ એન.એચ.ચુડાસમા તથા તેમની ટીમના માણસો આવા ગુના શોધી કાઢવા તા.19/03/2020 ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે રાજુ મારવાડી તથા તેનો મિત્ર અશોક મારવાડી પીળી ધાતુની ગીનીઓ રાખી કોઇને છેતરપીંડી કરવા એકટીવા ઉપર ઇન્દીરા બ્રીજથી કોતરપુર તરફ જવાના છે જે હકીકત આધારે ભદ્રેશ્વર પાસેથી એક એકટીવા સાથે તેઓને પકડી પાડેલ જેમાં

(1) રાજુભાઈ પુનમચંદ મારવાડી ઉવ 37 રહે.બ્લોક નં. 29/339 નેતાજીનગર રામેશ્ર્વર પોલીસ ચોકી પાસે મેઘાણીનગર અમદાવાદ

(2) અશોક ધનજીભાઈ મારવાડી ઉવ 34 રહે. જશોદા માસીના મકાનમાં કોતરપુર ભદ્રેશ્ર્વર અમદાવાદ નાઓને પકડી પાડી તેમની તપાસ કરતા તેમની પાસેથી મોબાઇલ ફોન નંગ – 2 કિ.રૂ.1000/- તથા એકટીવાની ડેકીમાંથી પીળી ધાતુની ખોટી ગીની નંગ – 1477 કિ.રૂ.00/- તથા એકટીવા કિ.રૂ.50,000/- મળી કુલ્લે રૂપિયા 51,000/- ના મુદ્દામાલ સાથે તા.19/3/2020 ના કલાક 19/00 વાગે ઝડપી પાડેલ જેઓની પૂછપરછ કરતા દોઢેક માસ પહેલા શાહીબાગ વિસ્તારમાં ભોજનાલય ધરાવતા એક વેપારીને પ્રથમ સોનાના સાચા સિક્કા આપેલ અને તેની પાસેથી રૂપિયા 5,00,000/- પડાવી લીધેલ જે રૂપિયા પેટે બીજા પીળી ધાતુના ખોટા સિક્કા નંગ -200 આપી છેતરપીંડી કરેલ હોવાની કબૂલાત કરેલ જે બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશન 167/2020 ઈપીકો કલમ 406, 420, 114 મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનું અને તે ગુનામાં વોન્ટેડ હોવાનું જણાઇ આવેલ

આ કામે પકડાયેલ આરોપીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ પીળી ધાતુની ખોટી ગીનીઓ નંગ – 1477 બાબતે પૂછતા જાણવા મળેલ કે નોબલનગર નરોડા વિસ્તારમાં જઇ કોઇ વેપારીઓને અડધા ભાવે ગીનીઓ આપવાની લાલચ આપી અને ખોટી ધાતુની ગીની આપી છેતરપીંડીથી રૂપિયા પડાવી આરોપીઓ છેતરપીંડીનો ગુનો કરે તે અગાઉ પકડી પાડવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી રાજુભાઈ પુનમચંદ મારવાડીની વિશેષ પૂછપરછ કરતા વાડજ પોલીસ સ્ટેશન ફ.ગુરન. 57/2018 ઈપીકો કલમ 302, 397, 34, 120 (બી) વિગેરે મુજબના ગુનામાં પકડાયેલ અને સાબરમતી જેલમાં હતો અને નામદાર કોર્ટના હૂકમથી દિન -5 ના વચગાળાના જામીન ઉપર છુટેલ અને તેને તા.20/12/2019 ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલમાં હાજર થવાનુ હતુ પંરતુ વચગાળા જામીન ઉપરથી ફરાર થઈ ગયેલ હોવાની હક્કિત જાણવા મળેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓને શાહીબાગ પોલીસ સ્ટેશન સોપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

- **<u>પકડાયેલ આરોપી રાજુભાઈ મારવાડીનો પુર્વ ઇતિહાસ</u>** :

  (1) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફ.ગુરન. 85/2016 ઈપીકો કલમ 302 તથા જી.પી.એકટ 135(1) મુજબ

  (2) વાડજ પોલીસ સ્ટેશન ફ.ગુરન. 57/2018 ઈપીકો કલમ 302, 397, 34, 120 (બી) વિગેરે મુજબ

  (3) શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં 167/2020 ઈપીકો કલમ 406, 420, 114 મુજબ

  (4) સને – 2010 માં નરોડા પોલીસ સ્ટેશનમાં લૂંટના કેસમાં પકડાયેલ છે.

- **<u>ગુનાની એમ.ઓ.</u>**:- વેપારીઓ પાસેથી રૂપિયા પડાવવા સારૂ સાગરીતો મારફતે લૂંટ કરવાની તથા ખૂન કરવાની તેમજ નકલી સિક્કાઓ પધરાવી રૂપિયાની છેતરપીંડી કરવાની એમ.ઓ ધરાવે છે.

## ઇસનપુર પોલીસ સ્ટેશન

- **ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૩૨૧ ઇ.પી.કો કલમ ૩૬૩ તથા બાળકોની કાળજી અને રક્ષણ બાબતનો અધિનીયમ ૨૦૧૫ ની કલમ ૮૪ મુજબનો અન ડિટેક્ટ ગુનામા એક આરોપીને તથા ભોગ બનનાર બાળકીને શોધી કાઢી આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ**

- ગઇ તા ૧૬/૦૩/૨૦૨૦ ના રોજ રાત્રીના દસ વાગે એક ઇસમ નામે લક્ષ્મણભાઇ ગૌતમભાઇ રોત (મીણા) ઉ.વ ૩૨ રહે,રામવાડી ટેકરો કબીર મંદિરની પાછળ છાપરામા ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-સાસરપુર પાડલી તા-સિમરોડા જી-ડુંગરપુર રાજસ્થાનનાઓએ આવી જાહેરાત કરેલ કે આજરોજ બપોરના ૧૨/૩૦ વાગે પોતે ઇસનપુર બ્રીજ નીચે પોતાની ચાની કિટલી ઉપર હાજર હતો અને તે વખતે પોતાની દિકરી "જ્ઞાનશી" ઉ.વ અઢી વર્ષની પોતાની પાસે હોય પોતાની દિકરીને ઇસનપુર ચાર રસ્તા ખાતે આવેલ પોતાના બીજા ગલ્લા ઉપર પોતાની પત્નિ પાસે મુકવા માટે સંજય નામનો ઇસમ રહે,ઇસનપુર ચાર રસ્તા બ્રીજ નીચે ફુટપાથ ઉપર જેના પુરા નામ-સરનામાની ખબર નથી તેને મોકલતા આ સંજયે પોતાની દિકરી "જ્ઞાનશીને" પોતાની પત્નિ પાસે નહી મુકી તેની સાથે લઇને જતો રહેલ છે અને પરત મુકવા માટે આવેલ નહી હોવાની જાહેરાત કરતા તેઓની ફરીયાદ લખી લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૩૨૧ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સંભાળી લીધેલ
- ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી આ ગુનો ગમેતેમ કરીને શોધી કાઢવા અને ભોગ બનનારને હેમખેમ છોડાવવા માટેની સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ નાઓએ તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના સ્ટાફના માણસો તથા "શી"ટીમની ની જુદીજુદી ટીમો બનાવી દરેક ટીમને અલગ-અલગ કામગીરી સોપી તપાસમા મોકલી આપેલ તેમજ એક ટીમને સી.સી.ટી.વી કેમેરા ચેક કરવાની કામગીરી સોપેલ અને આરોપીનુ મોબાઇલ નંબર મળેલ હોય તેનુ લોકેશન કઢાવતા ફોન સ્વીચ ઓફ હોય લોકેશન મળેલ નહી જેથી આરોપીના મોબાઇલની સી.ડી.આર મંગાવી તે મોબાઇલ ફોનમા થયેલ ઇનકમિંગ-આઉટગોઇંગ કોલ વાળા નંબરો ઉપર કોલ કરી પુછપરછ કરવાનુ કામ એક ટીમને સોપવામા આવેલ

- અને મોબાઇલ કોલ ડિટેઇલમાના એક નંબર ૯૭૨૪૭૦૦૫૫૭ ઉપર સંપર્ક કરતા રાધાબેન બાબુભાઇ રહે ગામ રણભાઠીયા તા.સીમલવાળા જી.ડુગરપુર રાજસ્થાન નાઓનો સંપર્ક થયેલ તેઓને આરોપીનો નંબર આપી પુછતા આ નંબર પોતાના ભાઇ ભુરાભાઇ અરજણભાઇ પગીનો હોવાનુ અને આ ભુરાભાઇ મુળ ગામ-ચીખલીજોજા તા-બાલાસિનોર જી-મહીસાગરનો હોવાનુ અને હાલમા અમદાવાદમા રહેતો હોવાનુ જણાવેલ જેના ઉપરથી આરોપીનુ સાચુ પુરૂ નામ અને સરનામુ મળેલ અને ગામ-ચીખલીજોજા તા-બાલાસિનોર જી-મહીસાગર ખાતે તપાસ કરતા આરોપી છેલ્લા બે વર્ષથી પોતાના ગામમા ગયેલ નહી હોવાની હકિકત જણાઇ આવેલ અને તપાસ દરમ્યાનમા સદર આરોપી ભોગ બનનાર બાળકીને લઇને ગયા બાદ એક રાત પોતાના ઓળખીતા અને પ્રરણા કેમીકલ કંપની અંદર જી.આઇ.ડી.સી વટવા અમદાવાદ શહેર ખાતે રહેતા ભલાભાઇ રતાભાઇ ડામોરના ઘરે રોકાયેલ હોવાની હકિકત તપાસ દરમ્યાનમા જણાઇ આવતા સદરી જગ્યાએ જઇ તપાસ કરતા અને ભલાભાઇને મળતા આ ભુરાભાઇ તેની સાથે એક બાળકીને લઇને તા.૧૬/03/૨૦૨૦ ના સાજના સાડા પાચેક વાગે પોતાના ઘરે આવેલો અને તે પોતાની બાળકી હોવાનુ જણાવેલ અને બીજા દિવસે સવારના સાત વાગે જતો રહેલ હોવાનુ જણાવતા સદર ફેકટરીના તથા ફેકટરી બહાર રોડ ઉપરના સી.સી.ટી.વી કેમેરા ચેક કરતા જેમા આરોપીનો સ્પષ્ટ ઓળખી શકાય તેવો ભોગ બનનાર બાળકી સાથેનો ફોટો મળેલ અને જુદા-જુદા માણસોની ટીમો બનાવી મજુરીયા વર્ગ રહેતા હોય તેવા વિસ્તારોમા આરોપીના ફોટા સાથે તપાસ કરેલી અને આરોપીના નંબર ઉપર સંપર્ક કરવાનુ સતત ચાલુ રાખેલ
- દરમ્યાનમા તા ૧૮/03/૨૦૨૦ ના રોજ આરોપીનો ફરીયાદમા જણાવેલ નંબર ચાલુ થતા તેનુ લોકેશન મંગાવતા લોકેશન રાજસ્થાન તરફનુ રનીંગ લોકેશન આવતા તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓને એક ટીમ સાથે રવાના કરેલ અને આરોપી તથા ભોગ બનનાર બાળકી “જ્ઞાનશી” રાજસ્થાનના ગામ રણભાઠીયા તા.સીમલવાળા જી.ડુગરપુર રાજસ્થાન ખાતેથી મળી આવતા અત્રે લાવી બાળકીને તેના માતા-પિતાને હેમખેમ સોપેલ અને આરોપી ભુરાભાઇ અરજણભાઇ પગી રહે,ગામ-ચીખલીજોજા તા-બાલાસિનોર જી-મહીસાગરનાને આજરોજ તા ૧૯/03/૨૦૨૦ ના કલાક ૧૭/00 વાગે ગુનામા અટક કરવામા આવેલ છે
- આમ આરોપીઓનુ ફરીયાદમા કોઇ નામ-સરનામુ જણાવેલ ન હોવા છતા ટીમ વર્કથી કામ કરી ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી મોબાઇલ સી.ડી.આર એનાલીસીસ કરી

સી.સી.ટી.વી ચેક કરી આરોપીનો ફોટો મેળવી ભોગ બનનાર બાળકીને હેમખેમ છોડાવી આરોપીને શોધી કાઢી ગુનામા અટક કરી પ્રસંસનીય કામગીરી કરેલ છે તા ૧૯/૦૩/૨૦૨૦

- આ કામગીરી ટીમ વર્કથી કરી આરોપીને પકડી પાડી પાડી બાળકીને છોડાવવાની કામગીરી કરવામા નીચે મુજબના સ્ટાફે પ્રસંસનીય કામગીરી કરેલ છે

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર
(૨) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ
(૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ
(૪) અ.હે.કો જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ
(૫) અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ
(૬) અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ
(૭) અ.હે.કો કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ
(૮) અ.હે.કો સુનીલભાઇ જયંતીભાઇ પી.આઇ.પર્સનલ
(૯)અ.હે.કો યુવરાજસિહ ભીખુભા પી.આઇ.પર્સનલ ડ્રાઇવર
(૧૦) અ.પો.કો ધનશ્યામભાઇ મેકરણભાઇ પી.આઇ.પર્સનલ
(૧૧) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ
(૧૨) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ
(૧૩) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ

(૧૪) અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા સર્વેલન્સ સ્કોડ
(૧૫) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ
(૧૬) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ
(૧૭) લોકરક્ષક સચીન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ
(૧૮) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ
(૧૯) લોકરક્ષક વિજય મગનભાઇ સર્વેલન્સ સ્કોડ
(૨૦) લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ સર્વેલન્સ સ્કોડ
(૨૧) લોકરક્ષક કમલેશભાઇ દામજીભાઇ પી.આઇ પર્સનલ
(૨૨) લોકરક્ષક રાકેશભાઇ મથુરભાઇ "શી"ટીમ
(૨૩) વુ.હે.કો શબાનાબેન રફીકહુસેન "શી"ટીમ
(૨૪) વુ.લો.ર વૈશાલી જેયંતીભાઇ "શી"ટીમ
(૨૫) વુ.લો.ર અસ્મીતાબેન મનજીભાઇ "શી"ટીમ
(૨૬) વુ.લો.ર જયાબેન નરોત્તમભાઇ પી.આઇ પર્સનલ





# ચોરીના આરોપીની અતકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

### રામોલ પો.સ્ટે.વિસ્તારમા આવેલ શ્રીરામસિલેકશન એન્ડ મેન્સવેર નામની દુકાનમાં રૂ.૩,૧૦,૦૦૦/- ની મત્તાની થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ચોરીમા ગયેલ રોકડા નાણા પૈકી રૂ.૮૮,૦૦૦/- રીકવર કરી ઘરફોડ ચોરી આચરવામા ઉપયોગમા લીધેલ પલ્સર મો.સા.સાથે એક આરોપીને પકડી પાડતી સર્વેલન્સ સ્ક્વોડ **ખોખરા પોલીસ**

નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઇ’ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, બી.જે.ઝાલાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.એન.બી.લોઢા તથા સ્ટાફના એ.એસ.આઇ.તેજપાલસિહ પુરણસિહ બ.નં.૭૭૨૮ તથા અ.હેડ.કોંસ.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૧૩૫ તથા પો.કો.વિજયસિંહ અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.ભદ્રસિંહ ગંભીરસિંહ બ.નં.૮૦૦૬ તથા લો.ર.સુનિલકુમાર કાળુભાઇ બ.નં.૫૯૫ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ભાઇપુરા નુતન સ્કૂલ આગળ આવતા સાથેના લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે **આરોપી સુરજ ઉર્ફે સુરેશ સ/ઓ ગોવિંદભાઇ જાતે-સુથાર ઉ.વ.૧૯ રહે.મ.નં.૪ નરનારણ સોસાયટી રાષ્ટ્રભારતી સ્કૂલની પાછળ ખોખરા અમદાવાદ શહેર**નાને તેના કબ્જાની બજાજ કંપનીનુ પલ્સર મો.સા.નંબર જીજે.૦૧.જે.ક્યુ.૧૦૨૨ સાથે રોકી અંગઝડતી તપાસ કરતા ઝડતીમાંથી જુદાજુદા દરની ચલણી નોટો મળી આવેલ જે ગણી જોતા કુલ્લે રોકડ નાણાં રૂ.૮૮,૦૦૦/- ના મળી આવતા સદરી ઇસમની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા સદરી ઇસમે આ રોકડ નાણા આશરે એક મહિના પહેલા રાત્રીના સમયે તે તથા તેનો મિત્ર રાહુલ ઉર્ફે ભૈયાજી સ/ઓ સુનિલભાઇ જાતે-પોદાર નાઓ બન્ને ભેગા મળી તેઓનુ પલ્સર મો.સા. લઇ રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે આવેલ શ્રીરામ નામની કાપડની દુકાન ચોરી કરી લીધેલ હોવાનુ જણાવતા સદરી બાબતે રામોલ પો.સ્ટે.ખાતે તપાસ કરતા રામોલ પો.સ્ટે.ખાતે એફ.આઇ.આર.નંબર ૧૧૧૯૧૦૨૪૨૦૦૧૬૨/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જેથી ઉપરોક્ત આરોપીને તા.૧૯/૩/૨૦૨૦ ના કલાક ૨૨/૧૫ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની વધુ કાર્યવાહી સારૂ રામોલ પો.સ્ટે.સોપી પ્રશન્સનીય કામગીરી કરેલ છે.



## પાલડી પોલીસ સ્ટેશન

## ધ્રાગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૦૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦, ૪૫૭ વિ મુજબ ગુનો વણ શોધાયેલ ગુનાને ડીટેક કરતી પાલડી પોલીસ

મે.ખાસ.પો.કમિ.શ્રી સેક્ટર ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન ૭ નાઓએ પો.સ્ટે. વિસ્તારમા મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા આપેલ સુચના અન્વયે મ.પો.કમી.શ્રી એન ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ આપેલ સુચના મુજબ તથા અમારા સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ ના અ.હે.કોન્સ. પ્રધ્યુમનસિંહ જટુભા બ.નં. ૪૨૪૫ તથા પો.કોન્સ. મહેશભાઈ તુલશીભાઈ બ.નં.૮૩૦૯ તથા લોકરક્ષક જયમીન મહેશભાઈ બ.નં.૧૨૭૧ તથા સુભાષભાઈ પ્રભુભાઈ બ.નં.૧૪૫૫ તથા વુ.લોકરક્ષક સંગીતાબેન એભાભાઈ બ.નં.૧૦૬૧૯ વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ચંદ્રનગર છ રસ્તા પાસે આવતા સાથેના પો.કોન્સ મહેશભાઈ તુલશીભાઈ તથા લોકરક્ષક જયમીન મહેશભાઈ તથા સુભાષભાઈ પ્રભુભાઈ નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે એક ઇસમ જેણે શરીરે આછા વાદળી કલરની ટી શર્ટ તથા બ્લુ કલરની જીન્સ પેન્ટ પહેરેલ છે સદરી પાસે ચોરીનો મોબાઈલ સાથે અત્રે થી પસાર થનાર છે જે બાતમી આધારે વોચમા હતા દરમ્યાન બાતમી હકીકત વાળો ઇસમ આંબેડકર બ્રીજ બાજુથી આવતા તરફ થી ચાલતો આવતા સર્વેલન્સ સ્ટાફના માણસો એ તેને જે તે સ્થિતિમાં રોકી લીધેલ. અને પંચો રૂબરૂ નામઠામ પુછતા ભરત મહેશભાઈ ઓઝા ઉ.વ.૨૮ ધંધો- ડ્રાઈવીંગ રહે ૧૧/૧૨ રૂપસીંગ ઝાલાની ચાલી મીના સ્કુલની સામે મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર હોવાનુ જણાવેલ મજકુરની અંગજડતી અંગજડતી કરતા પેન્ટ ના ખીસ્સા માથી એક સફેદ કલર નો વિડીઓકોન કપની નો મોબાઇલ મળી આવેલ જેના IMEI no 911488903879224 તથા 911488903879232 જે સંબધે પુછપરછ કરતા મોબાઇલ નુ બિલ કે આધાર પુરાવાઓ માંગતા પોતાની પાસે નહિ હોવાનુ જણાવી કોઈ સંતોષકારક જવાબ આપી સકેલ નહિ મોબાઇલ કિ રૂ ૫૦૦/-ગણી મુદ્દામાલ પંચનામા વિગતે સીઆર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરેલ છે અને અત્રે ના પો.સ્ટેશન સ્ટે.ડા એંન્ટ્રી ન ૧૭/૨૦૨૦ ક ૨૦/૩૦ ના કામે સીઆર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ તા.૧૭/૦૩/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ અટક કરી વધુ પુછપરછ કરતા સદર મોબાઇલ પોતે અગાઉ ત્રણ એક વર્ષ પહેલા એટલે કે જાન્યુઆરી ૨૦૧૭ મા પોતાનો સહમિત્ર અરૂણ વજુભાઈ વિરગામીયા રહે, કંકાવટી જી. સુરેન્દ્રનગર વાળાએ પોતાને આપેલ છે અને સદર મોબાઈલ તેણે ધ્રાગધ્રા ખાતેથી ચોરી કરી લાવેલ હતો જે અંગે ખરાઇ કરતા ધ્રાગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૦૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦, ૪૫૭ વિગેરે મુજબ ગુનો નોંધાયેલ છે સદર બાબતે જી સુરેંદ્રનગર ધ્રાગધ્રા સીટી પો.સ્ટેશનનો ઘરફોડ ચોરી નો ગુનો શોધીકાઢી સારી કામગીરી કરેલ છે.

# જુગાર રમતા આરોપીઓની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## તા.૨૦/૦૩/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ દરમ્યાન ખાનગી બાતમી હકિકત આધારે અંધારાનો લાભ લઇ જાહેરમાં જુગાર રમતા ચાર ઇસમોને જુગારના સાધનો સાથે પકડી પાડી ગણનાપાત્ર કેશ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન/જુગાર ની બદી સદંતર નેસ્તનાબુક કરવા સારૂ સખતમાં સખત પેટ્રોલિંગ રાખી સરત રેઇડો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા પો.સબ.ઇન્સ જે.બી.ચૌહાણ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા. ૨૦/૦૩/૨૦૨૦ ના રોજ પો.સ્ટે વિસ્તારમાં નાઇટ દરમ્યાન ક.૦૧/૦૦ થી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૦૧/૪૫ વાગે સૈજપુર ટાવર ખાતે આવેલ તે દરમ્યાન એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "કે સૈજપુર અંબીકા ચોક જે.કે.પાન પાર્લર સામે સરકારી લાઇટના થાંભલા નં-KFS/6019 ની નીચેના ભાગે ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુ વળી પોતાના આર્થીક ફાયદા સારૂ પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે રમાડે છે.અને હાલમાં પણ તેઓની આ પ્રવૃત્તી ચાલુ છે" વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા પો.સબ.ઇન્સ જે.બી.ચૌહાણ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ રેઇડ કરી ચારેક ઇસમોને જગ્યા ઉપરથી પકડી પાડી તા.૨૦/૦૩/૨૦૨૦ ના ક.૦૨/૪૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી અન્ય બે ઇસમો સ્થળ ઉપરથી નાસી ગયેલ હોય તે બાબતે તપાસ ચાલુ રાખી ગણનાપાત્ર કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૦/૦૩/૨૦૨૦

**આરોપીઓના નામ**:-નં-(૧) યોગેશકુમાર હિમંતભાઇ બારૈયા ઉ.વ.૩૦ રહે-અંબિકાચોક ફદેલી સૈજપુર કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા નં-(૨) દિપક અંબાલાલ જાતે બારૈયા ઉ.વ.૩૦ રહે-ભારતીયનગર વિવેકાનંદ એસ્ટેટ સામે ગોમતીપુર અમદાવાદ તથા નં-(૩) ધર્મેન્દ્ર શિવનાથ જાતે ગૌસ્વામી ઉ.વ.૩૬ રહે-ખાડાવાળી ચાલી કલાપીનગર મેધાણીનગર અમદાવાદ શહેર નં-(૪) પ્રેમપાલસિંગ લાઇટસિંગ જાતે તોમર ઉ.વ.૫૦ રહે-ધાબાવાલી ચાલી પોટલીયા ચાર રસ્તા પાસે સરસપુર શહેર કોટડા અમદાવાદ શહેર નાસી જનાર (૧)રવિગીરી ગોસ્વામી (૨)દિલીપ રાજપુત બન્ને રહે-ફદેલી સૈજપુર

**<u>મુદ્દામાલ</u>**-અંગજડતીના નાંણા રૂ.૧૬,૪૧૦/-તથા દાવના નાંણા રૂ.૮૦૦/-તથા ગંજીપાના નંગ-૪૦ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૧૦,૫૦૦/-કુલ્લે કિ.રૂ.૨૭,૭૧૦/-ના મુદ્દામાલ જુગાર રમવાના સાધનો

**<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા ફરિયાદી એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં.૬૯૫૭ પો.સબ.ઇન્સ.પો.સબ.ઇન્સ.જે.બી.ચૌહાણ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કો.સંજયસિંહ ભરતસિંહ બ.ન.૧૦૧૮૮ તથા પો.કો.હિતેષકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા એલ.આર. ડી.વેલાજી હેમાજી બ.ન.૯૨૪ તથા એલ.આર.ડી.અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.ન.૫૦૯

આરોપીઓનો ફોટો



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી ભુજ પાલારા મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ મિલ્કત સબંધી ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલા આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી જાગીરસીંગ સ/ઓ ભોલાસીંગ પ્રેમસીંગ ટાંક (ચેખલીગર) ઉ.વ ૩૦ રહે,મ.નં એ/૯ ભેસ્તાન આવાસ ડીંડોલી રોડ સુરત નાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૩૦૩/૨૦૨૦ તા.૧૯/૦૩/૨૦૨૦ થી ભુજ પાલારા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૨૦/૦૩/૨૦૨૦



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ
# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર-૦૮/૨૦૨૦

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૨૭૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ (૨).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૨૭૫/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૩,૮૧ મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૦૮/૨૦૨૦ તા.૧૯/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૯/૦૩/૨૦૨૦ ના કલાકઃ૨૨/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૯/૦૩/૨૦૨૦

**આરોપીનું નામ:-** શ્રી સંદીપ સંજયભાઇ પાનવેકર ઉ.વ.૨૯ રહે.પાણીની ટાંકી પાસે છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ પર્સનલ એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

આરોપીનો ફોટો



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૦૭/૨૦૨૦

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૪૧૩/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ) (૨).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૨૭૫/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૩,૮૧ મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૦૯/૨૦૨૦ તા.૧૯/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૯/૦૩/૨૦૨૦ ના કલાકઃ૧૭/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૯/૦૩/૨૦૨૦

**આરોપીનું નામ :-** શ્રી પદમાબેન પુનમભાઇ વાઘેલા ઉ.વ.૪૦ ધંધોઃ-છુટક મજુરી રહે.વસંતનગરના છાપરા ઠક્કરનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૯.૦૩.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના સરખેજ તથા વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી મો.સા.ઉપર આવી લોકોના મો.ફોન ઝુટવી ચોરી કરી લઈ જનાર તેમજ પાર્કીંગમાથી ઓટો રિક્ષાની ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે હારુન અબ્દુલગની શેખ રહેવાસી- મ.ન.૪ ઉર્વા પાર્ક સોસાયટી ફતેહવાડી મસ્તાન મસ્જીદ પાસે વેજલપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ્ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | હારુન અબ્દુલગની શેખ રહેવાસી- મ.ન.૪ ઉર્વા પાર્ક સોસાયટી ફતેહવાડી મસ્તાન મસ્જીદ પાસે વેજલપુર અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ઈસનપુર તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોના જાહેર રોડ ઉપર પાર્ક કરેલ એક્ટીવાની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તોડી ચોરી કરી લઈ જનાર ઈસમ નામે દિપક હીરાભાઈ રાઠોડ રહેવાસી- સરણીયાવાસ વાલ્મીકીવાસની બાજુમા જીમની ચાલીનીપાછળ ઓઢવ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | દિપક હીરાભાઈ રાઠોડ રહેવાસી- સરણીયાવાસ વાલ્મીકીવાસની બાજુમા જીમની ચાલીનીપાછળ ઓઢવ અમદાવાદ |

• અમદાવાદ શહેરના શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા કચરો ફેંક્વા બાબતે ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સ ગાળો આપનાર તેમજ અન્ય કિસ્સામા પોતાના સાગરિતો સાથે મળી પોલીસમા બાતમી કેમ આપે છે તેમ ફરીયાદીને જણાવી છરી વડે જમણા હાથે ઈજા કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે આશીક અનવરહુસેન અજમેરી રહેવાસી- મ.ન.૧૪૦ અંબિકાભુવન મિરઝાપુર શાહપુર અમદાવાદ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | આશીક અનવરહુસેન અજમેરી રહેવાસી- મ.ન.૧૪૦ અંબિકાભુવન મિરઝાપુર શાહપુર અમદાવાદ અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત મિલ્કત સબંધી,પ્રોહીબીશન તેમજ શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૮ ઇસમો મળી **કુલ્લે ૧૨ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, ભુજ, રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.